# અંબાજી ભાદરવી પૂનમના મહામેળાનો પ્રારંભ

## ગુજરાત સુખી-સમૃધ્ધ, સલામત અને શક્તિશાળી બને તેવી મનોકામના વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી





ગાંધીનગર,તા. ૮

મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણીએ પ્રસિદ્ધ તીર્થધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળાનો પ્રારંભ કરાવતા અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના કેટલાક નવતર પહેલ રૂપ યાત્રી સુવિધા કાર્યોનો પણ આરંભ કરાવ્યો હતો. તેમણે અંબાજી માતાના દર્શન વિશ્વભરના માઈભક્તો લાઈવ જોઈ શકે અને મેળો માણી શકે તે હેતુસર લાઈવ વેબ કાસ્ટીંગ, અંબાજી દર્શને આવનારા યાત્રિકોને અંબાજીની માહિતી મળી રહે તે માટે ઓટોમેટેડ એસ.એમ.એસ. હેલ્પલાઈન સીસ્ટમ, મેળામાં ખોવાયેલા બાળકો તેમના માતા પિતા કે વાલીને સરળતાથી પાછા મળી જાય તે માટે અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી બાળકોને ઈહ્નેંઢ કાર્ડ વિતરણ અને ચાઈલ્ડ મિસિંગ હેલ્પ લાઈનનો તેમજ વૃદ્ધ દિવ્યાંગ અશક્ત લોકો માટે મેળા દરમ્યાન વિનામૂલ્યે બસ સેવાનો પણ આરંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ માઈભક્તોને શુભેચ્છાઓ પાઠવી તેમની ભક્તિને બિરદાવતાં જણાવ્યું કે, આરાધના, ઉપાસના, ભક્તિ, શ્રધ્ધા અને તપથી માણસને જીવનની સાચી દિશા મળે છે. અંબાજી તીર્થસ્થાન સદીઓથી માઈભક્તોની શ્રધ્ધા અને ભક્તિનું પરમ પવિત્ર યાત્રાધામ રહ્યું છે તેમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સુખી-સમૃધ્ધ, સલામત અને શક્તિશાળી બને તેવી માતાજીને પ્રાર્થના કરી મનોકામના વ્યક્ત કરી હોવાનું જણાવ્યું હતું.

અંબાજી મેળામાં મુખ્યમંત્રીના હસ્તે પોતાના માતા-પિતાથી વિખુટા પડેલા બાળકો



માટે માતૃમિલન પ્રોજેક્ટનો આરંભ કરવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા ૨૪ કલાક ટોલ ફ્રી નં. ૧૦૯૮ શરૂ કરવામાં આવ્યો છે.

આ નંબર ઉપર ફોન કરી વિખુટા પડેલા બાળકોની ભાળ મેળવી શકાશે. વોડાફોન સર્વિસ દ્વારા વિશેષ ચાઇલ્ડ મીસીંગ હેલ્પલાઇન કંટ્રોલ રૂમ કાર્યાન્વિત કરાતાં આધુનિક ટેકનોલોજીયુક્ત કાર્ડ બાળકના ગળામાં પહેરાવી અને બાળકના માતા-પિતા અથવા વાલીના મોબાઇલ નંબરથી રજીસ્ટ્રેશન કરવામાં આવે છે. RFID કાર્ડ પહેરેલું બાળક મળી આવે ત્યારે સ્કેનરવાળા કોઈપણ સેન્ટર પર જે તે બાળકને સ્વયંસેવકો, પોલીસ કર્મચારીઓ, વોલેન્ટીયર્સ અથવા જે વ્યક્તિને બાળક મળી આવે તે વ્યક્તિ બાળકને કંટ્રોલરૂમમાં પહોંચાડશે. અને તેમના વાલીઓ સુધી ઓટોમેટેડ એસ.એમ.એસ.થી જાણ કરાશે. વાલીઓ પોતાના બાળકની ઓળખ આપી પોતાના વિખુટા પડેલા બાળકને સ્વગૃહે પરત લઈ શકશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના ધર્મપત્ની શ્રીમતી અંજલીબહેન રૂપાણી, સાંસદ પરબતભાઇ પટેલ, ધારાસભ્ય શશીકાંતભાઇ પંડ્યા, પૂર્વ મંત્રી શંકરભાઇ ચૌધરી અને કેશાજી ચૌહાણ, કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન સંદીપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી અજય દહીયા, પોલીસ અધિક્ષક અજીત રાજ્યાન, નિવાસી અધિક કલેકટર એલ. બી. બાંભણીયા, વહીવટદાર એસ. જે. ચાવડા, દાંતા પ્રાંત અધિકારી શ્રીમતી કુસુમબેન પ્રજાપતિ સહિત વિશાળ સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતાં.

# અંબાજી ભાદરવી કુંભના સૌથી મોટા કેમ્પનો પ્રારંભ

ડીસા, તા. ૮

યાત્રાધામ અંબાજી ખાતે શરૂ થયેલ આ ભાદરવી પૂનમના મહામેળામાં આવતા લાખો પદયાત્રિકો માટે ની સેવા માટે અનેક સેવા કેમ્પો સેવાની સરવાણી વહાવે છે. જેમાં સૌથી મોટો સેવા કેમ જય જલિયાણ ફાઉન્ડેશન દ્વારા દાંતા રતનપુર ખાતે યોજાય છે. જે કેમ્પનો રવિવારે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં પદયાત્રીઓને મિષ્ઠાન ભોજન ચા-નાસ્તો કરવા માટે ઉત્તમ વ્યવસ્થા અને મેડિકલ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે છે. સંત શ્રી જલારામ બાપા નો જીવન મંત્ર હતો કે ભૂખ્યાને ભોજન કરાવવું અને દુખિયાની સેવા કરવી જેને ફળીભૂત કરવા જય જલિયાણ ફાઉન્ડેશન ડીસા દ્વારા અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે.

જેમાં છેલ્લા ૧૩ વર્ષથી અંબાજી જતા પદયાત્રીઓની સેવા માટે દાંતાના રતનપુર ખાતે બનાસ દૂધ શીત કેન્દ્ર સામે વિશાળ સેવા કેમ્પ યોજવામાં આવે છે. સંસ્થાના સેવાભાવી યુવકો દ્વારા પદયાત્રીઓની સેવા માટે ચાલીસ હજાર



ફૂટ જેટલો વિશાળ શામિયાણો બનાવાયો છે. જેમાં પદયાત્રીઓને શુદ્ધ ઘીની બુંદી સાથે ભોજન સવારે સાથે ચા-નાસ્તો આરામ કરવાની સુવિધા તેમજ મેડિકલ સેવા ને સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ ઉપરાંત પદયાત્રીઓને થાક ઉતરી જાય તે માટે લાઈવ ઓરકેસ્ટ્રા પાર્ટી સાથે દરરોજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ કલાકારોની ઉપસ્થિતિમાં યોજવામાં આવે છે.

આ કેમ્પના ઉદ્ઘાટનમાં બનાસકાંઠાના સાંસદ શ્રી પરબતભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી કેશાજી ઠાકોર, ડીસાના ધારાસભ્ય શ્રી શશીકાંતભાઈ પંડયા, બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી તથા ક્ષત્રિય ઠાકોર સમાજના પ્રમુખશ્રી અલ્પેશભાઈ ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

રવિવારે સેવા કેમ્પનું ઉદઘાટન જય જલિયાણ ફાઉન્ડેશનના દીપકભાઈ ઠક્કર તથા હિતેશભાઈ ઠક્કર સહિતની ઉપસ્થિતિમાં માતાજીની આરતી કરીને કરવામાં આવ્યું હતું. પાંચ દિવસ સુધી ચાલનારા સેવા કેમ્પમાં અંદાજે ત્રણ લાખથી વધુ લોકો આ સેવાનો લાભ લે છે, આ સાથે જય જલિયાણ ફાઉન્ડેશન દ્વારા અંબાજીમા દીવાળી બા ગુરૂભવન ખાતે ભોજન માટે કેમ્પ શરૂ કરાયો છે જે સાત દિવસ ચાલશે જેમાં દોઢ લાખથી વધુ પદયાત્રીઓ સેવાનો લાભ લેશે.

# ખેડબ્રહ્મા શહેરમાં ભાદરવી પૂનમના મેળાની તડામાર તૈયારીઓ

ખેડબ્રહ્મા, તા. ૮

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ ખેડબ્રહ્મામા મા અંબાજીના સાનિધ્યમાં ભાદરવી પૂનમનો મેળો ભરાય છે. ભાદરવી પ્લોટ સખી મંડળ માટે અનામત રાખવામાં આવ્યા હતા. અંબાજી, જૂનાગઢ, તરણેતર, શામળાજી ની જેમ ખેડબ્રહ્મ નો ભાદરવી પૂનમનો મેલાનું મહત્વ છે. જેમાં અમદાવાદ,



પૂનમે ભારે ઉલ્લાસ ઉમંગ સાથે મેળો ભરાશે જેમાં લાખોની સંખ્યમાં ભક્તો ઉમટી પડશે જેમની માટે તંત્ર ઘ્વારા તૈયારીઓ પૂર્ણ કરી દેવમાં આવી છે. યાત્રાધામ ખેડબ્રહ્મામાં પૂનમમા મોટી સંખ્યમાં માઈ ભક્તો મા અંબાના દર્શન કરવા ઉમટી પડશે. યાત્રિકોની સુખ, સુવિધા, અને આરોગ્ય સહિતની વિવિધ તૈયારીઓ તંત્ર ઘ્વારા પૂર્ણ કરી દેવમાં આવી છે.

ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર ટ્રસ્ટ તસ્થા વહીવટી તંત્ર ઘ્વારા ભાદરવી પૂનમના મેળા માટે તડામાર તૈયારીઓ કરી દેવમાં આવી છે મેળાના સ્થાને પ્લોટ ની હરાજી કરી દેવમાં આવી છે જેમાં ૨૦૪ પ્લોટ હરાજીથી આપી ૨ આણંદ, ખેડા, પંચમહાલ, ગોધરા તથા રાજસ્થાન તરફથી આવતા સંઘ અને પદયાત્રીઓ ખેડબ્રહ્મા માતાજી મંદિરે શીશ ઝુકાવીને અંબાજી તરફ આગળ જાય છે.

મેળામાં નાના મોટા વેપારીઓએ શ્રીફળ અને પ્રસાદની ખરીદી કરી દુકાનો ચાલુ કરી દીધી છે. શ્યામનગર થી હડાદ સુધી સેવા કેમ્પઓની લાઈન લાગી છે.

મેળાને લઈને અંબિકા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા આવનાર યાત્રિકોની સુવિધા માટે ૧ મેનેજર, ૧ આસિસ્ટન્ટ મેનેજર, સહિત કલાક ખદે પગે સેવા બજાવશે. તેમની સાથી મંદિરના ૧૪ અને ૭ વધારમાં ગાર્ડ યાત્રિકોને સુરક્ષા પુરી પાડશે.



### સરડોઈના લોકકલાકારની મુખ્યમંત્રીના 'મનની મોકળાશ' કાર્યક્રમમાં ઉપસ્થિતિ

મોડાસા તાલુકાના સરડોઈ ગામના વતની રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા -સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ દ્વારા સન્માનિત મોતીભાઈ ભગવાનભાઈ નાયકે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નિવાસસ્થાને યોજાયેલ મનની મોકળાશ કાર્યક્રમમાં કઠપૂતળી, લોકનાટ્ય ભવાઈ, લુપ્ત થતી લોકસંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિના વારસાની જાળવણી અંગેના સફળ પ્રયોગોને નૂતન શિક્ષણ પધ્ધતિના અભ્યાસક્રમમાં સ્થાન આપવા અંગેનો લેખિત અહેવાલ સુપ્રત કર્યો હતો.

# પ્રાંતિજ ગંજાનદ સોસાયટી ખાતે ગણેશ મહોત્સવની ધામધૂમથી ઉજવણી

માયા નગરી મુંબઈ સહિત દેશ ભરમાં ભગવાન ગણેશ ની મૂર્તિ નું વાજતેગાજતે સ્થાપના કરવામાં આવી છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ગંજાનદ સોસાયટી માં પણ આ વર્ષે ભગવાન ગણેશની મૂર્તિ નું સ્થાપણ સાત દિવસ માટે કરવામાં આવી છે તો સોસાયટીના રહિશો વિધ્ન હર્તા દાદાની સવાર સાંજ આરતી ઉતારી ધન્યતા અનુભવે છે.

પ્રાંતિજ સહિત તાલુકા માં વિવિધ ગણેશ યુવક મંડળો દ્વારા વિવિધ જગ્યાએ ભગવાન ગણેશની મૂર્તિનું દશ દિવસ માટે સ્થાપના કરવામાં આવી છે ત્યારે પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ગંજાનદ સોસાયટીમાં પણ દુધાળા દેવ ભગવાન ગણેશ ની મૂર્તિ નું સાત દિવસ માટે ગંજાનદ યુવક મંડળ દ્વારા સોસાયટી માં સ્થાપના કરવામાં આવી છે જેમાં ગંજાનદ સોસાયટીના રહીશો વિધ્ન હર્તા ની સવાર સાંજ પૂજા અર્ચના કરવામાં આવે છે તો વિધ્નહર્તા ને ભાવતા ભોજન જમાડવા આવે છે અને ગંજાનદ યુવક મંડળ દ્વારા ભગવાન ગણેશ ની સેવા કરવામાં આવે છે તો સોસાયટીના રહીશો દ્વારા દાદાની સમુહમાં આરતી ઉતારવામાં આવી હતી.

# ધી મોડાસા નાગરિક સહકારી બેંકની જનરલ સભા યોજાઈ

મોડાસા, તા. ૮

ઉત્તર ગુજરાત સહીત અરવલ્લી જીલ્લાની પ્રતિષ્ઠિત સહકારી બેંક મોડાસા નાગરિક સહકારી બેંક.લીની સામાન્ય જનરલ સભા બેંકના પૂર્વ ચેરમેન અને વર્તમાન ડિરેક્ટર કમલેશ પટેલની અધ્યક્ષતા હેઠળ યોજાઈ હતી જેમાં જેમા ગત સભાનું પ્રોસીડીંગ વંચાણે લઈ બહાલી આપી ૨૦૧૮-૧૯ના કામકાજ નો અહેવાલ નફા-તોટાના હિસાબ ને સર્વાનુમતે મજુંર કરવામા આવ્યો હતો ઓડીટર ની નીમંણુક સહીત બેંકના વિકાસની ચર્ચા યોજાઈ હતી.



મોડાસા નાગરિક બેંકના કમલેશ પટેલે વર્ષ.૨૦૧૮-૧૯ ની ઉતૃષ્ટ કામગીરીનો અહેવાલ અપાતા બેંકના વિકાસમાં બેંક મેનેજર,પૂર્વ ચેરમેન, પૂર્વ એમ.ડી તેમજ તેમની ટર્મના બંને એમ.ડી બેંકના ડિરેક્ટરો અને કર્મચારીઓ ની સરાહના કરી હતી છેલ્લા બે વર્ષમાં બેંકના નફામાં નોંધપાત્ર વધારો થવાની સાથે મુદત વીતી બાકીદારોમાં ઘટાડો થયો હોવાનું જણાવ્યું હતું મંદીના માહોલમાં પણ બેંકના મેનેજર અને કર્મચારીઓની મહેનત રંગ લાવી હોવાનું જણાવ્યું હતું બેંકના હાલના ચેરમેન પરેશ ગાંધીએ ચાલુ વર્ષે બેન્કનો સર્વાધિક વિકાસ અને સભાસદોને વધુ સવલતો આપવા અને મંદીના માહોલમાં ગ્રાહકો અને વેપારીઓ ની પડખે ઉભા રહેવાની બાંહેધરી આપી હતી

# માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડતી સાબરકાંઠા પોલીસ

## નવજાત જન્મેલા બાળકને ત્યજીને જતા રહેલ શીશુને સારવાર કરાવી, વાલી તરીકેની જવાબદારી સંભાળી

હિંમતનગર, તા.૮

૨૯ ઓગષ્ટના રોજ તેના માતા પિતા દ્વારા મમતા હોસ્પીટલમાં તાજા જન્મેલ નવજાત શીશુને હેલ્થ કેર પ્રાઈવેટ લીમીટેડ દ્વારા સંચાલીત સંજીવની નીઓનેટલ આઈ.સી.યુ.એન્ડ ચીલ્ડ્રન હોસ્પીટલ હિમતનગર ખાતે સારવાર સારુ દાખલ કરી તેના વાલી વારસ જતા રહેલ. જેથી આ બાબતે ડો.હીમાંશુ પટેલ સંજીવની હોસ્પિટલનાઓએ બી ડીવિઝન પોલીસ સ્ટેશન આવી પી.વી.ગોહીલ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર તથા અમારા સ્ટાફને આ બાબતે જાણ કરતાં સદરહુ હકીકતની ગંભીરતા જોઈ અમોએ પોલીસ અધિક્ષક શ્રી ચૈત્યન્ય મંડલીક સાહેબ, સાબરકાંઠા નાઓને જાણ કરતાં સૌ પ્રથમ તેઓએ બાળકની તબીયત બાબતે પુછ્યુ તે બાબતે અમોએ ડોકટર શ્રી સાથે વાત કરી સાહેબશ્રી ને જણાવ્યુ કે અત્યારે હાલમાં બાળકની તબીયત ખુબજ નાજુક છે તથા તેને શ્વાસ લેવામાં તકલીફ પડે છે.

હાલમાં બાળક વેન્ટીલેટર ઉપર છે જો




તાત્કાલીક તેની સર્જરી કરવામાં આવે તો તેની આ બિમારી નિવારી શકાય તેમ છે તથા તેને આ માટે આગળ અમદાવાદ સિવિલ હોસ્પિટલ રીફર કરવુ પડશે જેના માટે તેની જવાબદારી લેવા માટે તેના કોઈ વારસદાર કે સગા વ્હાલાની જરૂરીયાત ઉભી થશે. જે બાબતે પોલીસ અધિક્ષકશ્રી સાહેબ ને અમોએ વાત કરતાં તેઓએ જણાવેલકે આજથી સાબરકાંઠા પોલીસ તેના વાલી તરીકેની ફરજ બજાવશે તથા તેના સારવાર માટે જે કોઈ આર્થિક ખર્ચ તથા બીજી કોઈ પણ જરૂરીયાત માટે સાબરકાંઠા પોલીસ તેની સાથે રહેશે જે બાબતે અમોએ તથા બી. ડીવીઝન સ્ટાફે તેજ દીવસથી બાળકની સાર સંભાળ લેવાનુ ચાલુ રાખેલ તથા બીજી એક ટીમે તેના માતા પિતાની શોધ ખોળ કરવાનુ ચાલુ રાખેલ છે.

હવે આજરોજ બાળકને વધુ સારવારની / સર્જરી જરૂરીયાત હોઈ તેને અમદાવાદ સિવિલ ખાતે એક ડોક્ટરની ટીમ તથા પોલીસ તેના વાલી તરીકે મોકલી આપેલ છે. અને આ બાબતે પોલીસ અધિક્ષક શ્રીએ બાળકના વાલી તરીકે ની અને બીજી તમામ જવાબદારી સાબરકાંઠા પોલીસ ઉપાડશે તેમ જણાવેલ છે. અને જે માતા પિતા બાળકને ત્યજીને જતા રહેલ છે તેમના વિરૂધ્ધમાં હિંમતનગર બી.ડીવી.પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન. ૬૮/૨૦૧૯ આઈપીસી કલમ-૩૧૭,૧૧૪, મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ છે.આમ, સાબરકાંઠા પોલીસ દ્વારા નવજાત જન્મેલ શીશુને માતા પિતા/વાલી તરીકેની ફરજ નિભાવી સારવાર કરાવી સારવારની તમામ જવાબદારી ઉઠાવી માનવતા મહેકી ઉઠે તેવી સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.